Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૫૩
તા.૧૯-૧૦-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૩ આસો વદ - ૦))
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૯ સૂર્યાસ્ત : ૦૬:૧૧

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૯.૧ | વડોદરા | ૩૭.૬ |
| અમદાવાદ | ૩૮.૫ | સુરત | ૩૫.૫ |
| ગાંધીનગર | ૩૮.૦ | નલિયા | ૩૭.૨ |

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# દેશમાં દિવાળી પર્વની આજે ભવ્ય ઉજવણી : લોકોમાં ઉત્સાહ

## દિવાળી પર્વની ઉજવણી પરિવાર સાથે કરવા કરોડો લોકો પહેલાથી જ તૈયાર નવી નવી ચીજવસ્તુની ખરીદી કરાઈ : અગાઉ કરતા આર્થિક સ્થિતિ મજબૂત

નવી દિલ્હી

દેશભરમાં આવતીકાલે દિવાળી પર્વની પરંપરાગતરીતે ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. દેશના કરોડો લોકો આ તહેવારને ઉજવવા માટે તૈયાર થયેલા છે. દિવાળી પર્વની ઉજવણી ફટાકડાઓ ફોડી, મિઠાઈઓ વહેંચી અને રંગબેરંગી લાઈટિંગ સાથે કરવામાં આવે છે. ઉજાસના પર્વ તરીકે આને ગણવામાં આવે છે. દિવાળી પર્વની ઉજવણી પાછળ પ્રચીન ઈતિહાસ પણ જોડાયેલો છે. દિવાળી પર્વને લઈને દેશભરના લોકો પહેલાથી જ ઉત્સાહિત રહે છે. દિવાળી પર્વની શરૂઆત ધનતેરસના દિવસથી થયા બાદ લાભ પાંચમ સુધી કરવામાં આવે છે. મોટાભાગના વિભાગોમાં આ ગાળા દરમિયાન રજા પણ જાહેર કરી દેવામાં આવે છે જેથી પરિવાર સાથે આ પર્વની ઉજવણી કરવાની પરંપરા રહી છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે સ્થિતિ ખુબ જ સુધરી છે. લોકોની ખરીદી શક્તિ વધી છે. આર્થિક સ્થિતિ દેશની સારી બની છે જેના પરિણામ સ્વરુપે તીવ્ર મોંઘવારી છતાં ફટાકડાઓ, મિઠાઈઓ અને અન્ય ચીજવસ્તુઓની ખરીદીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. દિવાળી પર્વ મુખ્યરીતે બાળકો અને યુવા પેઢી વધુ શાનદારરીતે ઉજવે છે. કોર્પોરેટ જગતમાં દિવાળી પર્વ પ્રસંગે એક બીજાને મિઠાઈઓ આપવા અને ગ્રિટિંગ્સ કાર્ડ અને શુભેચ્છા સંદેશાઓ મોકલવાની પરંપરા રહી છે. યુવા પેઢી કિંમતી ભેટ સોગાદો આપીને પણ આ તહેવારની ઉજવણી કરે છે.

## મુખ્યમંત્રી સરહદના સંત્રીઓ સાથે દિપાવલી મનાવશે



ગાંધીનગર

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી દીપાવલી પર્વ આપણા દેશના સીમાડા સાચવતા સરહદ ના સંત્રીઓ સાથે મનાવવા નો પોતાનો ઉપક્રમ આ વર્ષે પણ જાળવી રાખ્યો છે.. વિજય ભાઈ આવતી કાલે ૨૦ ઓક્ટોબરે આ વર્ષની દિવાળી બોર્ડર સિક્યુરિટી ફોર્સ ના જવાનો સાથે કચ્છ ના સરહદી ક્ષેત્ર કોટેશ્વર માં ઉજવશે.

મુખ્યમંત્રી આવતી કાલે સવારે ૯ વાગ્યે કોટેશ્વર પહોંચશે અને બી.એસ.એફ જવાનો સાથે સંવાદ વાર્તાલાપ તેમજ દીપાવલી શુભ કામના આદાન પ્રદાન કરશે.. પોતાના ઘર પરિવાર થી દૂર રહીને પણ સતત માતૃ ભૂમિ ની રક્ષા કરતા આ જવાનો નું મ્હોં મીઠું કરાવી મુખ્યમંત્રી તેમને પરિવાર જનનો સ્નેહ આપશે. વિજય ભાઈ રૂપાણી એ ગત વર્ષ ની દીપાવલી પણ આ જ રીતે બનાસકાંઠા ના નડાબેટ ચેક પોસ્ટ ના બી.એસ.એફ જવાનો સાથે મનાવી હતી.

## રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી દ્વારા નૂતન વર્ષે બનાસડેરી અને ભાભર ખાતે સ્નેહમિલન યોજાશે



રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી નૂતન વર્ષે તા. ૨૦/૧૦/૨૦૧૭ ને શુક્રવારે સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ સુધી બનાસડેરી પાલનપુર ખાતે તેમજ સાંજે ૫:૦૦ વાગે ગોકુલ પાર્ટી પ્લોટ, ભાભર ખાતે ઉપસ્થિત રહી કાર્યકરો અને શુભેચ્છ કોને મળીને દિપાવલી અને નૂતનવર્ષની શુભકામ નાઓની આપલે કરશે.

## ડીસામાં નુતન વર્ષનું સ્નેહ મિલન યોજાશે

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં દર વર્ષની પરંપરા મુજબ રોટરી ક્લબ દ્વારા શહેરની ચી.હં. દોશી પ્રાથમિક શાળામાં તા. ૨૦/૧૦/૨૦૧૭ ને શુક્રવારે સવારે ૮-૩૦ થી ૯-૩૦ ક. દરમ્યાન બેસતા વર્ષ નિમિત્તે સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડીસાવાસીઓ એકબીજાને નુતન વર્ષની શુભેચ્છાઓ પાઠવશે. તેમ રોટરી ક્લબના પ્રમુખ નટુભાઈ પટેલે જણાવ્યું હતું.

## બનાસકાંઠા સાંસદ શુભેચ્છાની આપ - લે કરશે



પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના સાંસદ અને કેન્દ્રીય ખાણ - ખનીજ અને કોલસા રાજયમંત્રી હરીભાઈ ચૌધરી આવતીકાલે તા.૨૦/૧૦/ ૨૦૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૨ ક. સુધી જગાણા ખાતે આયોજીત સ્તેર મિલન સમારોહમાં ભાજપના કાર્યકરો, શુભેચ્છક અને મતદાર ભાઈ - બહેનો સાથે નૂતન વર્ષની શુભેચ્છાની આપલે કરશે.

## ડીસા ધારાસભ્ય શુભેચ્છા પાઠવશે



ડીસા

ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ આવતીકાલે તા. ૨૦/૧૦/૨૦૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૩ ક. દરમ્યાન બેસતા વર્ષ નિમિત્તે શહેરના વંદના પાર્ટી પ્લોટ ખાતે મત વિસ્તારના ભાઈ- બહેનોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવશે.

## થરાદ ધારાસભ્ય શુભેચ્છા પાઠવશે



થરાદ

થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ આવતીકાલે તા. ૨૦/૧૦/૨૦૧૭ ને શુક્રવારના રોજ સાંજે ૫ ક. બેસતા વર્ષ નિમિત્તે થરાદના માર્કેટયાર્ડ ખાતે આયોજીત સ્નેહમિલન સમારોહમાં મત વિસ્તારના ભાઈ- બહેનો અને ભાજપ કાર્યકરોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવશે. તો થરાદ સહિત તાલુકાના લોકોને મોટી સંખ્યામાં હાજર રહેવા થરાદ તાલુકા ભાજપ દ્વારા અનુરોધ કરાયો છે.

ફોન. ૦૨૭૪૪-૨૨૭૯૫૦
ડૉ. તુષાર એન. શાહ
(બી.ડી.એસ.)
કન્સલ્ટીંગ ડેન્ટલ સર્જન
Riddhhi Dental Clinic
શુભ દિપાવલી
રિદ્ધિ ડેન્ટલ કિલનીક
દાંત, પેઢાં તથા મોંના તમામ રોગોના નિષ્ણાંત
પહેલા માળે, હાર્દિક કોમ્પલેક્ષ,
ત્રણ હનુમાન મંદિર સામે, હાઈવે, ડીસા

ડીસામાં નવીન ઓફિસનો શુભારંભ
GHATIA ROYAL
ઘાટીયા (રોયલ ચા)
ઘાટીયા રોયલ
રોયલ ૨૬ કિલો બિલ્ટી કટ,
ઘાટીયા રોયલ BP પેટી,
તથા ઘાટીયા રૂદ્ર ૨૦ કિલો,
ચંદીઘાટ રોયલ પેકેટ, મજબટ રોયલ પેકેટ ખરીદવા માટે સંપર્ક કરો.
કંપનીના અધિકૃત એજન્ટ
જયશ્રી બહુચર ટ્રેડીંગ
રીસાલા બજાર, ધી પીપલ્સ કો.ઓ.સો.લી. સામે, ડીસા (બ.કાં.)
મનોજભાઇ, સંજયભાઈ મો. ૮૪૦૧૬૫૭૮૦૯, ૯૪૨૬૩૧૯૯૪૮, ૮૪૦૧૬૫૭૮૦૨ ઓફિસ (૦૨૭૪૪)૨૨૨૩૭૭
રોજુટ ટ્રેડીંગ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લી.
કંપની રીપ્રેજન્ટેટીવ - રાજેશ શર્મા, ડીસા મો. ૭૫૭૪૦૬૪૮૨૨

સૂર્યોદય - ૬.૩૯ સૂર્યાસ્ત - ૬.૧૦

## તિથિદર્શન

આસો વદ-૦)) ગુરૂવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો વદ : અમાવસ ગુરૂવાર નક્ષત્રઃ હસ્ત સવારે ૭.૨૭ પછી ચિત્રા યોગ :વૈધૃતી કરણઃ ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) રાત્રે ૮.૦૧ પછી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. **- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા**

## દિવાળીના શુભ મુહૂર્તો

**વિક્રમ સં.૨૦૭૩ ના આસો વદ અમાસ, દીપાવલી, લક્ષ્મી પૂજન- શારદા પૂજન, તા.૧૯/૧૦/૨૦૧૭, ગુરૂવારના પૂજન માટેના શુભમુહૂર્તો**

શુભ ચોઘડીયું સવારે ૬-૫૦ ક. થી ૮-૧૬ ક.
વૃશ્ચિક સ્થિર લગ્ન સવારે ૯-૦૧ ક. થી ૧૦- ૧૭ ક.
ચલ ચોઘડીયું સવારે ૧૧-૦૯ ક. થી ૧૨-૩૬ ક.
અભિજીત નક્ષત્ર સાંજે ૧૨-૧૪ ક. થી ૧૨-૩૮ ક.
લાભ ચોઘડીયું મધ્યાને ૧૨-૩૬ ક. થી ૨-૦૨ ક.
અમૃત ચોઘડીયું મધ્યાને ૨-૦૨ ક. થી ૩-૨૯ ક.
કુંભ સ્થિર લગ્ન મધ્યાને ૩-૦૯ ક. થી ૪-૪૨ ક.
શુભ ચોઘડીયું સાંજે ૪-૫૫ ક. થી ૬-૨૨ ક.
ગૌરજ સમય સાંજે ૬-૧૮ ક. થી ૭-૧૮ ક.
અમૃત ચોઘડીયું સાંજે ૬-૨૨ ક. થી ૭-૫૬ ક.
વૃષભ સ્થિર લગ્ન સાંજે ૭-૫૨ ક. થી ૯-૫૭ ક.
ચલ ચોઘડીયું સાંજે ૭-૫૬ ક. થી ૯-૩૧ ક.
લાભ ચોઘડીયું રાત્રે ૧૨-૪૭ ક. થી ૨- ૧૫ ક.
સિંહ સ્થિર લગ્ન રાત્રે ૨-૨૩ ક. થી ૪-૩૬ ક.
શુભ ચોઘડીયું રાત્રે ૩-૪૯ ક. થી ૫-૨૪ ક.
અમૃત ચોઘડીયું
રાત્રે ૫-૨૪ ક. થી ૬-૫૬ ક.

**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**અંજાર (કચ્છ)**

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)માનસિક અસ્વસ્થતા રહે. સ્વજન સાથે મતભેદ થાય..**
**વૃષભ : (બ.વ.ઉ.)આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સંભાળવું.**
**મિથુન : (ક.છ.ઘ.) ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.**
**કર્ક : (ડ.હ.) અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.**
**સિંહ : (મ.ટ.) આર્થિક સમસ્યા ઉકેલાઇ જાય. તમારી ઇચ્છા ફળતી લાગે.**
**કન્યા : (પ.ઠ.ણ.) માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.**
**તુલા : (ર.ત.) મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.**
**વૃશ્ચિક :(ન.ય.) આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.**
**ધન : (ભ.ફ.ધ.) ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. મહત્વની સમસ્યા ઉકેલાય.**
**મકર : (ખ.જ.) ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.**
**કુંભ : (ગ.શ.સ.) આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.**
**મીન : (દ.ચ.જ.થ.)પુરૂષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

શિક્ષક, ન્યાયાધીશ અને ગુજરાતના સાંસ્કૃતિક, સામાજીક જીવનના અગ્રણી શ્રી લાલશંકર ઉમિયાશંકર દવેની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ઈ.સ. ૧૮૪૫માં કલોલ તાલુકાના નારદીપુર ગામમાં થયો હતો. પણ તેમનું કાર્યક્ષેત્ર તો અમદાવાદ જ બન્યું.

આવા ગુજરાતના મહાન સપુત, કેળવણી-કાર, ન્યાયવિદ્ અને સમાજસુધારક શ્રી લાભશંકર દવેનું તા. ૧૯-૧૦ -૧૯૧૨ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

**વિકાસથી વંચિત એવા**

# કાંકરેજ તાલુકામાં ભાજપના ઉમેદવાર તરીકે ઉભરી રહેલા અણદાભાઈ પટેલ

**સમગ્ર ખેડૂત, વેપારી તેમજ આમ પ્રજા મુખે ચર્ચાતુ એક જ નામ અણદાભાઈ પટેલ**

તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારનો સા.શૈ.પછાત વિકાસથી વંચીત કાંકરેજ તાલુકામાં આગામી વિધાનસભા - ૨૦૧૭ ની ચૂંટણીમાં શિક્ષીત લોક વિસ્તારની સમસ્યા સમજી ઉકેલીને વિકાસ કરાવી શકે તેવો ઉમેદવાર મુકવા ભાજપ તરફ લોકોની માંગ છે ત્યારે કાંકરેજ તાલુકાના સહકારી રાજકીય સામાજીક આગેવાન અણદાભાઈ રામાભાઈ પટેલ થરા માર્કેટયાર્ડના ચેરમેન-જિલ્લા સહકારી સંઘના ચેરમેન, ખેડૂતો - વેપારીઓ કારીગર વર્ગ - મજુર વર્ગને વિદ્યાર્થીઓ નોકરીયાતોમાં અનોખી લોકચાહના ધરાવે છે ને તેઓ ૧૯૮૦ થી ભારતીય જનતા પાર્ટીના એક કર્તવ્યનિષ્ઠ આગેવાન છે. કુદરતી આફતના સમયે અડીખમ યોધ્ધાની જેમ વિસ્તાર -



પ્રજાની સેવા કરતા દરેક સમાજમાં ઉપયોગી બનતા આ સાચા લોક સેવકને વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીમા ભાજપ દ્વારા ૧૫ કાંકરેજ વિધાનસભા મત વિસ્તારના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે તો જંગી બહુમતિથી વિજેતા થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. તમામ સમાજમાં માન મોભો ધરાવતા અણદાભાઈ પટેલ વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણીમાં ૧૫ કાંકરેજ વિધાનસભા બેઠક પર ઉમેદવારી કરે તેવી પ્રબળ માંગ ઉઠી રહી છે ત્યારે ભાજપ મોવડી તથા તાલુકા નિરીક્ષક ટીમ કાંકરેજ તાલુકામાં યોગ્ય નીર્ણય કરી અણદાભાઈ પટેલને વિધાનસભા બેઠકના ઉમેદવાર બનાવશે તો આ બેઠક ભાજપ કોંગ્રેસ પાસેથી છીનવી લેશે તેવો લોક જવાબ જોવા મળી રહ્યો છે. આવા સંજોગોમાં ઉમેદવારની પસંદગીમાં સક્રિય કાર્યકર - આગેવાન અણદાભાઈ પટેલની ભાજપ પક્ષ દ્વારા જાહેરાત થાય તેવું જનતા જનાર્દન ઈચ્છી રહી છે. કાંકરેજમાં કોંગ્રેસ સામે ટક્કર ઝીલે તેવો સ્થાનિક ઉમેદવાર અને સર્વ જ્ઞાતિમાં લોક પ્રિય અણદાભાઈ પટેલને વિધાનસભા બેઠકની ટીકીટ મળશે તો પ્રજા એક સૂરે ચૂંટી મોકલશે તેવો સાદ સાંભળવા મળી રહ્યો છે.

# ભીલડી નાગરિક શરાફી સરકારી મંડળીનો રજત જયંતિ મહોત્સવ

### જિલ્લાભરમાંથી રાજકીય તેમજ સહકારી આગેવાનોએ હાજરી આપી

પ્રતિનિધિ ભીલડી

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના વેપારી મથક ભીલડી મુકામે ધી ભીલડી નાગરિક સહકારી શરાફી સહકારી મંડળી તેમાં યશસ્વી ૨૫ વર્ષ પૂર્ણ કરી રજત જયંતિ મહોત્સવનો કાર્યક્રમ બનાસકાંઠા સાંસદ હરીભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને અર્બુદા જીનીંગ ખાતે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લાભરમાંથી રાજકીય તેમજ સહકારી આગેવાનોની ઉપસ્થિતિમાં મંડળીના ડિરેક્ટરો તેમજ સભાસદો મોટી સંખ્યામાં હાજર રહી મંડળીના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તેમજ સ્વાગત ગીતથી કરવામાં આવી હતી. આજથી ૨૫ સાલ પહેલા જ્યારે ભીલડી માર્કેટયાર્ડમાં વેચતા માલની લેવડ દેવડ માટે નાણાકીય અગવડોને ધ્યાને રાખીને નાગરિક શરાફી સહકારી મંડળીની શરૂઆત કરવામાં આવી હતી. મંડળીના ૨૫ વર્ષના સમયગાળા દરમ્યાન બનાસ બેંકના સહકારી થકી આજે ભીલડી નાગરિક શરાફી સહકારી મંડળી એક વટવૃક્ષ બની છે. મંડળીના પ્રમુખ માનસુંગભાઈ ચૌધરીએ મંડળીની શરૂઆતથી લઈને મંડળીના વિકાસની વિકાસગાથા રજુ કરી હતી અને રજતજયંતિની ઉજવણી પ્રસંગે મંડળી દ્વારા નવા લાભો બાબતે બોલતા જણાવ્યું હતું કે મંડળીના સભાસદો માટે ઓછા વ્યાજે લોન પુરી પાડવા કુદરતી અવસાન માટે ૫૦ હજાર રૂપિયાની સહાય શિક્ષણ મંડળમાં ૫ લાખનું દાન માટે ગૌસંવર્ધન માટે ૧,૧૧,૦૦૦/- બેટી પઢાવો, વૃક્ષારોપણ સ્વચ્છતા અભિયાન માટે સાવરણા પુરા પાડવા.



કંચનજી ઠાકોર

જેથી અનેક સેવાઓની જાહેરાત કરી હતી. આ પ્રસંગે બનાસબેંક પાલનપુર ચેરમેન એમ.એલ.ચૌધરી, દલસંગભાઈ પટેલ, દોલતપુરીજી તેમજ હરીભાઈ ચૌધરી સંસદ દ્વારા પ્રાસંગિક પ્રવચનો થકી ભીલડી નાગરિક શરાફી સહકારી મંડળીની વિકાસગાથાને વાગોળી હતી અને આવનાર સમયમાં મંડળીના વિકાસમાં મદદરૂપ બનવાની ખાત્રી આપી હતી. મંડળી દિવસે દિવસે પ્રગતિના સોપાન હાંસલ કરે તેમાં મદદરૂપ બનવાની ખાત્રી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા સંઘ ચેરમેન અણદાભાઈ પટેલ, કેશરભાઈ પી. ચૌધરી, કાળુભાઈ તરક, વિરજીભાઈ જુડાલ, શિવાભાઈ ભુરીયા, શાંતિભાઈ ત્રિવેદી, કાન્તીભાઈ માળી, મનુભાઈ જોષી, ડૉ. કે.કે.પટેલ, અશોકભાઈ પટેલ (મેનેજર), ઈશ્વરભાઈ દેસાઈ (આચાર્ય), જમનદાસ મહેશ્વરી , રમેશભાઈ (ધનાસરા), ભલાભાઈ જોષી (મુડેઠા), હંસાભાઈ મિસ્ત્રી આજુબાજુથી તમામ ગામના સભાસદો હાજર રહ્યા હતા. ભીલડી નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેનનું માનસુંગભાઈ કે. પટેલનું ભીલડીના તમામ કોમના સભાસદોએ સન્માનપત્ર આપી શાલ આપીને સન્માન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા મંડળીના તમામ કર્મચારીગણ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન વિષ્ણુભાઈ શાસ્ત્રીએ કર્યું હતું. આભારવિધિ મંડળીના ડિરેક્ટર કે.કે.માળીએ કર્યું હતું.

## પાટણમાં મહાલક્ષ્મી માતાના મંદિર પાસેથી લારી ગલ્લાના દબાણો હટાવવા લોકમાંગ

પાટણ

પાટણમાં બેસતા વર્ષના દિવસે ત્રણ દરવાજા બહાર આવેલા શ્રી મહાલક્ષ્મી માતાના મંદિરમાં માતાજીના દર્શન કરવા માટે તમામ વર્ગના લોકોની ભારે ભીડ રહે છે. ત્યારે મંદિર બહારના રોડ પર રીક્ષાઓ અને અન્ય વાહનો તેમજ લારી ગલ્લાવાળાના દબાણો હોવાના કારણે દર્શન કરવા આવતા લોકોને પોતાના વાહનો પાર્ક ક્યાં કરવા તે સવાલ દર વર્ષે ચર્ચાય છે. છેક ત્રણ દરવાજાથી મંદિર સુધી રીક્ષાઓ પાર્ક કરેલી હોય છે. ત્યારે મંદિરની અંદર પણ દર્શનાર્થીઓની લાંબી કતાર લાગેલી હોય છે. જો કે મંદિર સંચાલક દ્વારા લોકો શાંતિપૂર્ણ દર્શન કરી શકે તે માટે સારી વ્યવસ્થા કરવામાં આવે છે.

વર્તમાન સંજોગોમાં સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા ટ્રાફિકને નિવારવા દબાણની જગ્યાએથી બિનઅધિકૃત વાહનોને અન્યત્ર ખસેડવામાં આવે તો લોકોની મુશ્કેલીઓનો અંત લાવી શકાય.

## મેઘરજ તાલુકાના મ.ભો. યોજનાના કર્મચારીઓ છ માસથી પગારથી વંચિત

મોડાસા

અરવલ્લી જિલ્લાના મેઘરજ મામલતદાર કચેરી સંચાલિત મધ્યાહન ભોજનના કર્મચારીઓના છેલ્લા છ માસથી પગાર નહિં થવાના કારણે દિવાળીનો તહેવાર હોળી સમાન બની ગયો છે.

જાણવા મળતી વિગતો અનુસાર ૧૨૯ ગામડા ધરાવતા મેઘરજ તાલુકામાં ૨૪૮ જેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે. આ તમામ શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના વર્ષોથી ચાલે છે અને આ તાલુકામાં ૨૪૭ જેટલા કેન્દ્રોમાં મધ્યાહન ભોજન ચાલે છે. જેમાં ૨૪૭ સંચાલકો, ૨૪૭ રસોઈયા, મધ્યાહન ભોજન યોજનામાં સામેલ છે અને પ્રાથમિક શાળાના બાળકોને ભોજન બનાવીને આપે છે. આ કાર્યરત કર્મચારીઓને છેલ્લા છ માસથી પગાર આપવામાં આવ્યો નથી. આ અંગે મેઘરજ તાલુકા ઈન્ચાર્જ મામલતદાર, પ્રાંત ઓફિસર, નાયબ મામલતદાર, જિલ્લા કલેક્ટર વગેરેને છ માસથી અટવાઈ પડેલો પગાર મંજુર કરવા રજુઆત કરવામાં આવી છે. દિવાળીને માત્ર ૪૮ કલાક બાકી છે. ત્યારે કર્મચારીઓને પગાર નહીં મળવાના કારણે સંચાલકો, રસોઈયાની પરિવારોની સ્થિતિ બેહાલ બની છે. જો પગાર નહીં થાય તો કર્મચારીઓ આમરણાંત ઉપવાસ ઉપર ઉતરશે તેવી ચીમકી અપાઈ છે.

### થરાદ તાલુકા...

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

સુરેશજી ચારડા, રામાજી ચામુંડાનગર, દેવશીજી નાનોલ, પ્રકાશજી જેંટા, નરપતજી કિયાલ, બબાજી પડાદર, મફાજી લેંડાઉ, અશોકજી મેઘપુરા, ખોડાજી નાનોલ, અનુપજી નાનોલ, ભાણજીજી ભાચર, પરથીજી ડોડગામ, નરશીજી લુવાણા, પ્રેમજીજી પડાદર, લેરાજી કમાળી સલાહકાર પ્રમુખ ડાયાજી મોરથલ, સંઘર્ષ સમિતી પ્રમુખ નવિનજી ડેલ, શિક્ષણસમિતી નિલેષજી જેંટા, આર્થિક સમિતી કોનજીજી ઈઢાટાની નિમણુક કરવામા આવી હતી.

### ડીસા સહિતની...

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

ગ્રાહકોના છેલ્લી ઘડીના ઘસારાથી વેપારીઓ પણ વ્યસ્ત થઈ ગયા હતા. જો કે મોંઘવારી વચ્ચે જી.એસ.ટી.ના કારણે તમામ ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે. તેથી લોકોએ ગજા પ્રમાણે ખરીદી કરી સંતોષ માન્યો હતો. જો કે દિવાળીની ભારે ભીડના કારણે ઠેરઠેર ટ્રાફિક ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. તેથી ટ્રાફિક નિયમન કરતા પોલીસ જવાનોને આખો દિવસ ખડેપગે રહેવું પડ્યું હતું.

### દિવાળી ટાંણે...

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

અને મુસલા પરિવારો દિવાળીના મહિના અગાઉથી માટીના રમકડા બનાવવાનું શરૂ કરી દે છે. તો કેટલાક કાઠીયાવાડના થાનગઢ કે બનાસકાંઠાના ઝેરડા ગામેથી તૈયાર લાવી તેનું શહેરી વિસ્તારોમાં વેચાણ કરે છે. પરંપરાગત પરંતુ આધુનિક ઢબે બનાવેલા આ આકર્ષક રમકડા ખરીદવા ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને બાળકો પણ આ રમકડા ખરીદવા જીદ કરે છે. જેથી શહેરી બજારોમાં રમકડા વેચતા કારીગરો અચુક મળી અવો છે. જેના વેચાણ થકી હજારો કારીગર વર્ગ દિવાળી ટાંણે આજીવિકા રળે છે. સરકાર આ કારીગરોની કલાની કદર કરે તો રમકડાનો ગૃહ ઉદ્યોગ તરીકે વિકાસ થઈ શકે તેમ છે. જેનાથી અનેકોને રોજગારી પણ મળી શકે.

## રાજૌરી અને પુંચમાં ફરી પાકિસ્તાનનો ગોળીબાર

જમ્મુ

પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ કાશ્મીરના રાજૌરી અને પુંચ જિલ્લામાં અંકુશરેખા નજીક આજે ભીષણ ગોળીબાર કર્યો હતો. યુદ્ધવિરામનો ભંગ કરીને આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. રાજૌરીમાં મંજાકોટના ધાર વિસ્તારમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય સેનાએ પણ જડબાતોડ જવાબ આપ્યો હતો. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં એક નાગરિકને ઈજા થઈ હતી. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, વહેલી સવારે પાકિસ્તાની સૈનિકોએ ગોળીબારની શરૂઆત કરી હતી. બાલાકોટમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા અવિરત ગોળીબારના લીધે કેટલીક ગાડીઓમાં પણ નુકસાન થયું હતું. પાકિસ્તાને હાલના સમયમાં અવિરત ગોળીબાર જારી રાખ્યો છે જેનો યોગ્ય જવાબ ભારતીય સેનાએ આપ્યો છે.

# ડીસાના જી-મોર શૂઝમાં પગરખા ખરીદવા ગ્રાહકોની ભારે ભીડ





### દિવાળીમાં પગરખાની સ્ટાન્ડર્ડ વેરાયટીઓનો એક માત્ર શો-રૂમ

ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના ચંદ્રલોક રોડ ઉપર આવેલ ઉત્તર ગુજરાતમાં અદ્યતન વેરાયટી ધરાવતા પરિવારના પગરખાના એકમાત્ર એ.સી. શો રૂમમાં જી- મોર દિવાળી નિમિત્તે વિવિધ બ્રાન્ડના પગરખા ખરીદવા ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે. જી- મોર એ.સી. શુઝ શો- રૂમમાં અલગ-અલગ જાતના વિવિધ બ્રાન્ડના સ્પોર્ટસ શુઝ, સેન્ડલ, બૂટ, ચંપલ સહિતના પગરખા ખરીદવા યુવાનો, મહિલાઓ અને બાળકો ઉત્સાહભેર પસંદગીના પગરખા ખરીદવા ઉમટી પડે છે. જેથી શો- રૂમ માનવ મહેરામણથી ઉભરાઈ ઉઠે છે. ગયા વર્ષે ગ્રાહકોના મળેલા પ્રચંડ પ્રતિસાદના પગલે જી- મોર શુઝના સંચાલકોએ આ વખતે દિવાળીમાં પગરખાની સ્ટાન્ડર્ડ વેરાયટીઓ ઠલવી છે. જે ગ્રાહકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. તેથી અબાલ- વૃધ્ધ સૌ જી- મોર શુઝમાંથી પગરખાની ઉત્સાહભેર ખરીદી કરે છે. ગ્રાહકોની ભારે ભીડના પગલે સંચાલકો સાથે સ્ટાફ પણ ગ્રાહકોની સરભરામાં અતિ વ્યસ્ત થઈ ગયો છે.

# દિવાળીના તહેવારોમાં ફુલ બજારમાં મંદી

### ગત વર્ષ કરતાં અડધા ભાવે વેચાણ

ડીસા

દિવાળીના તહેવારોની શરૂઆત થઈ ગઈ છે દિવાળી ના કારણે તમામ ધંધા રોજગારમાં તેજી જોવા મળી રહી છે પરંતુ બનાસકાંઠા જિલ્લામાં ફૂલોના વેપારમાં તેજીના બદલે મંદી જોવા મળી રહી છે. પોતાના પ્રિયતમાને રીઝવવા માટે સદીઓથી રામબાણ ઈલાજ તરીકે વપરાતા ગુલાબ સહિત ગલગોટાના ફુલો ના ભાવો તળિયે પહોંચી ગયા છે. અત્યારસુધી ગરીબ જનતા માત્ર શાકભાજી, કઠોળ, અને મોજ શોખની ચીજવસ્તુના ભાવ વધારાથી પરેશાન હતી પરંતુ હવે ફૂલ બજાર માં પણ મંદી જોવા મળી રહી છે.



ભરત સુંદેશા

જોકે મંદી ના કારણે લોકોની ખરીદીમાં ઘટાડો થતા તહેવારોમાં ફૂલ બજારમાં તેજી હોવાના બદલે મંદી જોવા મળી રહી છે ત્યારે વેપારીઓ પણ ગ્રાહકની રાહ જોતા નજરે પડી રહ્યા છે.

વેપારીઓ નું કહેવું છે કે ગઈ સાલ કરતા અડધા ભાવે ફૂલ મળે છે અને અડધા ભાવ માં પણ કોઈ ખરીદવા આવતું નથી ગ્રાહક આવતા જ નથી સુરેશભાઈ માળી, (ફૂલ નાવેપારી) એ જણાવ્યું હતું કે, બજારમાં ફૂલોના ધંધા માં મંદી હોવાના કારણે ફૂલોની ખેતી કરતા ખેડૂતો પણ મુશ્કેલી વેઠી રહ્યાં છે ગત વર્ષે જે ફૂલો ૮૦ થી ૧૦૦ રૂપિયામાં વેંચતા હતા અને વેપારીઓ પણ લેવા માટે અગાઉથી ઓર્ડર આપતા હતા તેમાં આ વર્ષે ભાવો ઘટ્યા છે અને ફૂલો લેવા માટે પણ કોઈ આવતું નથી..જેથી ફૂલો ની ખેતી કરતા ખેડૂતો જે તહેવારો માં સારા વેપાર ની આશા રાખી બેઠા હતા તે ફૂલોનું વેચાણ ના થતા નિરાશા જોવા મળી રહી છે.ખેડૂતો નું કહેવું છે કે મજૂરી કે ભાડું પણ મળતું નથી અને અમારે ફૂલ ની ખેતી માં નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.બનાસકાંઠા માં પુર અને બટાટા ના કારણે આમ ખેડૂત નુકસાન વેઠી રહ્યો છે ત્યારે દિવાળી જેવા તહેવાર માં જો ફૂલ માં ભાવ ન મળતા અને ઘરાકી ઘટી જતાં ફૂલ નું વાવેતર કરતા ખેડૂત ને પણ આશા પર પાણી ફરી વળ્યું છે જોકે દિવાળી ની સિઝન ટાણે ફૂલોના ધંધા માં વગર જી એસ ટી એ મંદી જોવા મળી રહી છે ત્યારે આ ધંધા માં ફરી તેજી ક્યારે આવશે તેની રાહ વેપારીઓ અને ખેડૂતો જોઈ રહ્યા છે.

# થરાદ વિધાનસભાની ભાજપા માટે માધુભાઈ પુરોહિત નક્કી હોવાની ચર્ચા

પ્રતિનિધિ થરાદ

સંનિષ્ઠ સેવાભાવી ગૌ ભક્ત માધુભાઈ પુરોહિતને થરાદ વિધાનસભાની ભાજપની ટીકીટ ધારાસભ્યના દાવેદાર ૯૯% ગૌ માતાના કૃપાથી માધુભાઈ પુરોહિતને મળશે માધુભાઈ પુરોહિત થરાદ તાલુકાની તમામ ગૌ શાળાનો આભાર માન્યો વાંદડી મુછવાળા યુવા ધન થરાદ તાલુકાની ધાર્મિકજનતા નાત - જાત ઉચ નીચ ધર્મ કે ભેદભાવ સિવાય તમામ સમાજની ધોળી તણી સંગઠનો એનજીઓ સંસ્થાઓ શેઠથી માંડી ચા કીટલી વાળા સુધી માધુભાઈ પુરોહિતને સહકાર આપવાની બાંયધરી લીધી છે. નિવૃત કર્મચારી ગાડી (રીક્ષા) ડ્રાઈવરો, પાથરણાવાળા, ભાઈ - બહેનો શાકભાજી



માર્કેટ, માતાઓ, વિધવા - બહેનો, સંતો, મહંતો, સાધુઓ (અખાડાઓ) ગાદી - પતી મઠધારી, કેસરીયાને થરાદ તાલુકાની જનતાએ તન - મન ધનથી આવકારે છે. મીડીયા પત્રકાર મિત્રો પ્રેસ રીપોર્ટર, ટી.વી. ન્યુઝ ચેનલ કેસરીયાને પ્રેમથી આવકારે છે. થરાદ તાલુકામાં ૧૦૫ વર્ષના વૃધ્ધથી માંડી ઘોડીયામા સુતુ નાનુબાળક કેસરીયા માટે ગામોગામ સામૈયા, વધામણા, ઢોલનગારા, બેન્ડ બાજા, વરઘોડો વિગેરે કેસરીયાને માધુભાઈ પુરોહિતને આવકારે છે. થરાદ તાલુકાની ધાર્મિક જનતા બોલીને બીજુ બોલતી નથી. વિકાસના કામો સાથે કેસરીયાને જય જય કાર વિકાસનો જય જય કાર.

# વાળીનાથ મંદિરમાં રૂા. ૧૦ કરોડ ફાળવતા રબારી સમાજ દ્વારા સરકારનું અભિવાદન કરાશે

### ડીસા માર્કેટયાર્ડ ખાતે બનાસકાંઠા જિલ્લા રબારી સમાજના આગેવાનોની બેઠક યોજાઈ

ડીસા

રબારી સમાજની ગુરૂગાદી એવી વાળીનાથ (તરભ) ખાતે આગામી તા. ૨૧ ઓક્ટોબરને (ભાઈબીજ) શનિવારના રોજ ગુજરાત સરકાર દ્વારા રૂા. ૧૦ કરોડ જેટલી માતબર રકમ ફાળવતા સમસ્ત રબારી સમાજ દ્વારા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ ગુજરાત સરકારનો ભવ્ય અભિવાદન સમારોહ યોજાશે. જેના આયોજનના ભાગરૂપે ડીસા માર્કેટયાર્ડ ખાતે બનાસકાંઠા જિલ્લા રબારી સમાજના આગેવાનોની બેઠક યોજાઈ હતી.



સમસ્ત ગુજરાત રબારી સમાજની આસ્થાના કિરણ સમા શ્રી વાળીનાથ મંદિર (તરભ) ના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા રૂા. ૧૦ કરોડ જેટલી રકમની ફાળવણી કરતાં રબારી સમાજમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે. ત્યારે આગામી તા. ૨૧ ઓક્ટોબરને શનિવાર (ભાઈબીજ) ના દિવસે શ્રી શ્રી ૧૦૦૮ મહંત શ્રી બળદેવગીરીજી મહારાજના સાનિધ્યમાં શ્રી વાળીનાથ મંદિર અને સમસ્ત રબારી સમાજના સંયુક્ત ઉપક્રમે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત ગુજરાત સરકારનો ભવ્યાતિ ભવ્ય અભિવાદન સમારોહ યોજાશે. જેના આયોજનના ભાગરૂપે ડીસા માર્કેટયાર્ડ ખાતે પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ રાણાભાઈ દેસાઈ, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, મહિલા આગેવાન ડૉ.રાજુલબેન દેસાઈ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ નાગજીભાઈ દેસાઈ, નાયબ મામલતદાર અમૃતભાઈ આલ, નરસિંહભાઈ દેસાઈ (બાઈવાડા), ભાવાભાઈ દેસાઈ (અમીરગઢ), ડીસા તાલુકા સંઘના ચેરમેન ડી.કે.દેસાઈ, બનાસ બેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈ, જિલ્લા સંઘના વાઈસ ચેરમેન ખેતાભાઈ દેસાઈ, બનાસ બેંકના ડિરેક્ટર બાબુભાઈ પાનકુટા, અમરતભાઈ દેસાઈ(ગઢ), જિલ્લા પંચાયત સદસ્ય ઓખાભાઈ દેસાઈ સહિત રબારી સમાજના આગેવાનો અને યુવાનોની હાજરીમાં બનાસકાંઠા જિલ્લા રબારી સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં વાળીનાથ ખાતે અભિવાદન સમારોહમાં મોટી સંખ્યામાં રબારી સમાજના ભાઈ-બહેનો જોડાય તે માટે આયોજન કરવામાં આવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી ...

**જે મનુષ્ય ધાર્મિક છે તેના રાત-દિવસ સફળ થઈ જાય છે.**

# ગુજરાતની ચૂંટણી જાહેર ન થઈ તેનો પણ વિવાદ

હિમાચલ પ્રદેશની ચૂંટણી જાહેર થઈ તે સાથે ગુજરાતની ચૂંટણી જાહેર ન થઈ તેથી વિપક્ષ નારાજ થયો છે. ૧૩મીની સવારના અખબારોમાં અહેવાલ હતા કે 'આજે ચૂંટણી પંચ ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી શકે છે.' આ અહેવાલ ચૂંટણી પંચ તરફથી નહોતો અપાયો. કોઈ સમાચાર એજન્સીએ આપ્યો હતો. અખબારો સાથે ટીવી ન્યુઝ ચેનલો દ્વારા પણ બન્ને રાજ્યોમાં ચૂંટણીની જાહેરાત એક સાથે થવાની ધારણા બાંધવામાં આવી હતી. પરંતુ ચૂંટણી પંચે માત્ર હિમાચલ પ્રદેશની ચૂંટણી જ જાહેર કરી. ગુજરાત માટે ન કરી. વિપક્ષને આશા હતી કે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થતાં જ આચારસંહિતા લાગુ થઈ જશે. એટલે તે પછી સરકાર કોઈ લોકરંજક કાર્યક્રમો જાહેર નહીં કરી શકે અને સરકારી ખર્ચે કાર્યક્રમો યોજીને પોતાની કામગીરી લોકો સમક્ષ મૂકી નહીં શકે. પણ ચૂંટણી પંચે ગુજરાતની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર ન કર્યો અને ગુજરાત સરકારે કેટલીક લોકરંજક યોજનાઓ જાહેર કરી તેથી વિપક્ષના બળતામાં ઘી હોમાયું (પેટ્રોલ કરતાં ઘી મોંઘું છે. એટલે વધુ બળતરા થઈ.)

વિપક્ષે વિરોધ કર્યો. નિવેદનો કર્યા. સરકારને અને ચૂંટણી પંચને પણ ઝાટક્યું. 'પંચ સરકારના હાથમાં રમે છે' તેવો આક્ષેપ પણ કર્યો. પણ કોઈ ફેર ન પડ્યો. તે પછી પણ ટીવી ચેનલો કહેતી રહી કે, 'ગમે ત્યારે ગુજરાતની ચૂંટણી જાહેર થઈ શકે છે.' પણ ન થઈ તે ન જ થઈ. ચેનલો સહિતના માધ્યમો અને વિપક્ષ હવાલો આપે છે કે, '૨૦૧૨ની ચૂંટણી વખતે બન્ને રાજ્યોમાં ચૂંટણી યોજવાની તારીખો એક સાથે જાહેર થઈ હતી તે પ્રણાલિ ચૂંટણી પંચે સરકારના ઈશારે તોડી છે.' વડાપ્રધાન ૧૬મીએ એટલે કે આજે ગુજરાત આવવાના હતા અને આવ્યા છે. એટલે વિપક્ષને ડર છે કે મોદી ગુજરાતમાં મતદારોને લોભલાલચ આપતી અમુક જાહેરાત કરવાના લાગે છે. લોભ લાલચ તો સત્તા પક્ષની સાથે વિપક્ષ પણ ચૂંટણી ઢંઢેરાઓમાં આપે છે. કોઈપણ લોકોને મફત ટીવી, સાડી, લેપટોપ કે સાયકલનું વિતરણ કરવાના વચન આપે છે. જો આવી લાલચો આપી શકાતી હોય તો ચોથા વર્ગના કર્મચારીઓને દર દિવાળીએ આપવામાં આવતા બોનસની જાહેરાત ચૂંટણી આવવાથી કેમ ન કરી શકાય ? આ પ્રશ્ન સત્તા પક્ષ પણ કરતો નથી. કોંગ્રેસ ભલે વિરોધ કરતી રહે, ભાજપ બોલતો નથી ને સરકાર પણ ચૂપ છે. 'એપ્લાય એપ્લાય, નો રીપ્લાય.' કોંગ્રેસ અને માધ્યમો ૨૦૧૨માં બન્ને રાજ્યોની એક સાથે જાહેરાતનો હવાલો આપે છે પણ એ ભૂલી જાય છે કે, ૨૦૦૨/૦૩માં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં એક સમયગાળામાં ચૂંટણી હતી છતાં કાર્યક્રમો અલગ અલગ જાહેર થયા હતા. બે રાજ્યો માં ચૂંટણી ડ્યુ હોય એટલે બન્ને રાજ્યોના ચૂંટણી કાર્યક્રમો એકસાથે જાહેર કરવા જ એવો કોઇ નિયમ નથી અને પ્રણાલિકા પણ નથી. ચૂંટણી પંચ પોતાની સગવડ પ્રમાણે કાર્યક્રમો જાહેર કરે છે અને પોતાના નિયમો પ્રમાણે ચૂંટણી યોજે છે.

ચૂંટણી કાર્યક્રમો જાહેર કરવા માટેની કોઈ નિશ્ચિત સમય મર્યાદા કાયદા દ્વારા બાંધવામાં આવી નથી. ચૂંટણીને લગતા નિયમોમાં 'ચૂંટણી પંચ ચૂંટણીની તારીખોથી કેટલાક સપ્તાહ પહેલાં ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરશે' એમ કહેવાયું છે. એટલે એક સાથે કે ચોક્કસ સમયે કાર્યક્રમ જાહેર કરવાની ચૂંટણી પંચની જવાબદારી બનતી નથી. હિમાચલ પ્રદેશ સરકારની મુદત ૭મી જાન્યુઆરીના રોજ પુરી થાય છે અને ગુજરાત સરકારની મુદત ૨૨મી જાન્યુઆરીએ. બન્ને સરકારની મુદત ૧૫ દિવસના અંતરે પુરી થાય છે એટલે બન્ને રાજ્યોના કાર્યક્રમો જુદા જુદા જાહેર થાય તે અસ્વાભાવિક બનતું નથી. ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશની સાથે ગુજરાતમાં મતદાનની તારીખ જાહેર ન કરી પણ મત ગણતરીની તારીખ જાહેર કરી, તેને માધ્યમો અને કોંગ્રેસ મુદ્દો બનાવી રહ્યા છે. બે રાજ્યોમાં ચૂંટણી હોય કે એક કરતાં વધુ તબક્કામાં મતદાન થવાનું હોય તે સ્થિતિમાં મત ગણતરી અલગ અલગ દિવસે યોજવામાં આવતી નથી. મતદાન બધે યોજાઈ જાય પછી એક જ દિવસે મત ગણતરી હાથ ધરવાની પ્રથા છે. જેથી એક વિસ્તારના પરિણામોની અસર બીજા વિસ્તારના મતદાન પર ન પડે. આ કારણથી જ હિમાચલ પ્રદેશમાં મતદાન અને મત ગણતરી વચ્ચે એક મહિના જેટલું અંતર રાખવામાં આવ્યું છે. આથી એક વાત સ્પષ્ટ બને છે કે ગુજરાતમાં મતદાન ૧૦મી ડિસેમ્બર પહેલાં થશે. તે બે દિવસ પહેલુ હોઇ શકે અને વધુ દિવસ પહેલાં પણ હોઇ શકે. હીમાચર પ્રદેશમાં મતદાન ૯મી નવેમ્બરે થવાનું છે.

ચૂંટણી પંચે ચૂંટણી યોજવા માટેની તારીખો ૨૧થી ૪૫ દિવસનો ગાળો રાખીને સામાન્ય રીતે જાહેર કરતું હોય છે. હિમાચલ પ્રદેશની ચૂંટણી માટે ૨૫ દિવસનો ગાળો રાખ્યો છે. ઉમેદવારી નોંધાવવા માટે ૧૬મી ઓક્ટોબર અને મતદાન માટે ૯મી ડિસેમ્બર નક્કી કરાઇ છે. રાજ્ય સરકારની મુદત ૭મી જાન્યુઆરીના પૂરી થાય છે. તેના ૨૮ દિવસ પહેલાં નવી સરકાર માટે મતદાન થઈ જશે. ગુજરાતમાં ૨૨મી જાન્યુઆરીના સરકારની મુદત પૂરી થાય છે એટલે ૨૫મી ડિસેમ્બર કે આસપાસ ગુજરાત વિધાનસભા માટે મતદાન જાહેર થવાની આશા આપણે રાખી શકીએ. હિમાચલ પ્રદેશમાં એક જ તબક્કામાં મતદાન યોજાશે જ્યારે ગુજરાતમાં બે તબક્કામાં યોજાવાનું છે. એટલે બીજા તબક્કાનું મતદાન ૨૫મી આપપાસ થઈ જવાની આપણે આશા રાખી શકીએ. મુખ્ય ચૂંટણ કમિશ્નર એ. કે. જોતીએ કહ્યું છે કે 'મૂળભૂત સિદ્ધાંત એવો છે કે, એક રાજ્યની ચૂંટણીથી ટુંક સમયમાં બીજા રાજ્યમાં યોજાતી ચૂંટણીના પરિણામો પર અસર થવી જોઈએ નહીં. એટલે હિમાચલ પ્રદેશના પરિણામો પહેલાં ગુજરાતની ચૂંટણીનું મતદાન આટોપી લેવાશે.' ગુજરાતમાં તાજેતરમાં અસાધારણ પુરના કારણે રાહત કામગીરી હજી ચાલી રહી છે એટલે રાજ્યના મુખ્ય સચિવે રાજ્યોમાં ચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચ સમક્ષ સમય માંગ્યો હતો તે અત્રે ઉલ્લેખનીય છે.

## મર્સ્કલાઈન ઉત્તરાખંડનાં રૂદ્રપુરમાં પ્રથમ ડોર રીફર આયાત કરવામાં પ્રણેતા બની

અમદાવાદ

મર્સ્ક જૂથનાં કન્ટેનરાઈઝડ ડિવિઝન મર્સ્કલાઈને પરફેટ્ટીવાન મેલે (ઈન્ડિયા) પ્રા. લિ.ની કન્ફેક્સનીરીની ઉત્તરાખંડનાં રૂદ્રપુરમાં આયાત કરીને પ્રથમ સ્ટોરડોર રીફર ઈમ્પોર્ટ કરવાનું શ્રેય પ્રાપ્ત કર્યું છે. કન્ફેકશનરી (ગમ્સ)નું કન્સાઈનમેન્ટ તા. ૧૭ જુલાઈ ૨૦૧૭નાં રોજ પોર્ટુગલનાં લીકસોઝ પોર્ટ પરથી નીકળ્યું હતું અને તા. ૮ સપ્ટેમ્બર ૨૦૧૭નાં રોજ રૂદ્રપુર પહોચ્યું હતું. હાલનાં સમયમાં રીફર આયાતકારો પોર્ટ પર માલને આયાત કરે છે અને ત્યારબાદ કાર્ગોને ટ્રકમાં તેમના વેર હાઉસ સુધી પહોંચાડવામાં આવે છે.આ પ્રક્રિયામાં બહુવિધ વેન્ડર સંકલન કરવા પડે છે. તેના કારણે લોજીસ્ટીકલનાં ખર્ચમાં વધારો થાય છે. આ ઉપરાંત પીક સમયમાં ટ્રકની અછતને કારણે ઉત્પાદન શૃંખલામાં પણ અવળી અસર થાય છે. મર્સ્કલાઈને આ દિશામાં પ્રણેતારૂપ કામગીરી બજાવી છે. તેના કારણે આવા પડકારો હવે ભૂતકાળ બની જશે. ઉદગમ અને પોર્ટ વચ્ચેનો વાહનવ્યહાર સમયગાળો નોંધપાત્ર રીતે ઘટશે. જેના કારણે કાર્ગોનાં ઉદગમ સ્થાન સુધીનું વન સ્ટોપ સોલ્યુશન મળશે.'મર્સ્કલાઈને ફર્સ્ટ માઈલ/લાસ્ટ માઈલ એન્ડ ટુ એન્ડ સોલ્યુશન્સ પુરુ પાડવા પરત્વે ધ્યાન કેન્દ્રિતકર્યુ છે. સિંગલ પ્લેટફોર્મ સોલ્યુશન્સને કારણે આ પ્રદેશના વ્યાપારને વૃદ્ધિ મળશે.'

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## હિન્દી ફિલ્મ 'દિલ બોલે ઈન્ડિયા' અને ગુજરાતી ફિલ્મ 'પાગલપંતી' નું પોસ્ટર અને ટીઝર લોન્ચ



અમદાવાદ

લાંબા સમયથી રાહ જોવાતી ગુજરાતી ફિલ્મ પાગલપંતી અને હિન્દી ફિલ્મ દિલ બોલે ઈન્ડિયાનું આજે પોસ્ટર તથા ટીઝર લોન્ચ કરવામાં આવ્યું હતું. ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર, રાઈટર અને પ્રોડ્યુસર જેકી પટેલની બિગ બજેટ ફિલ્મ પાગલપંતી અને દિલ બોલે ઈન્ડિયાનું શુટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે અને ટૂંક સમયમાં ફિલ્મ રિલિઝ થવા માટે તૈયાર છે. આજે અમદાવાદ વન મોલ ખાતે ફાયર એન્ડ ફ્લેમ્સ ખાતે આયોજીત એક ભવ્ય કાર્યક્રમમાં જેકી પટેલની આ બે મહાત્વાકાંક્ષી ફિલ્મોના પોસ્ટર અને ટીઝર લોન્ચની સાથે-સાથે તેમના આગામી પ્રોજેક્ટ્સ અંગે પણ જાહેરાતો કરવામાં આવી હતી. આ અંતર્ગત રિયલ સ્ટોરી ઉપર આધારિત હિન્દી ફિલ્મ આર્મી બેઝ, કન્નડ ભાષામાં ૩.૦૦ એએમ, ગુજરાતી ભાષામાં નકાબ તેમજ ગુજરાતીમા ટાઈટલ નાટક મરાઠીમા ટાઈટલ ડ્રામા બનાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે પાગલપંતી સમગ્ર પરિવાર સાથે જોઈ શકાય તેવી એક રોમેન્ટિક, કોમેડી ડ્રામા ફિલ્મ રહેશે અને મોટાભાગની ફિલ્મનું શુટિંગ ન્યુ ઝિલેન્ડ પાસેના ફિજિ આઈલેન્ડ ઉપર થયેલ છે. ફિલ્મની વાર્તા હિરાની આસપાસ ફરે છે કે જેને પામવા માટે આઈલેન્ડ ઉપરના તમામ લોકો પેંતરા કરે છે અને તેનાથી સર્જાતી કોમેડીથી દર્શકો પેટ પકડીને હસવા મજબૂર બનશે. આ સાથે ફિલ્મમાં દેશભક્તિનો પણ સંદેશો આપવાનો પ્રયાસ કરાશે. મહત્વપૂર્ણ છે કે ફિલ્મમાં રાહુલ દેવ, મુકુલ દેવ, અલિ અજગર, દિનેશ લામ્બા, સુનિલ વિષ્ણાની અને જય વિજય સહિતના દિગ્ગજ કલાકારો જોવા મળશે. ફિલ્મની સિનેમેટોગ્રાફી રાજુ બડિગર, નિર્માતા જિમી આસિઝા (જે આર કે ફિલ્મ), હિરેન ખંટ (ખુંટ પ્રોડક્શન), જીવંત રાખે છે.

## ગાયિકા પ્રજાકતા શુકરે અને એક્ટર રાગિણી ખન્નાએ અનોખી રીતે દિવાળીની ઉજવણી કરી



મુંબઈ

'તમે અદભૂત છો. તમે અનોખા છો. તમે જે વર્ષો પસાર કર્યા તેમાં તમારા જેવું બાળક અન્ય કોઈ નહોતું. તમે શેકસપીયર, માઈકલ એન્જેલો અને બિથોવન બની શકો છો. તમારામાં કંઈપણ કરવાની ક્ષમતા છે.' હેનરી ડેવિડ થોરો. ઝાહેવારો આનંદ, એક્તા અને લોકો સાથેના અનોખા નાતાને લઈને આવે છે અને આ જ વાત ડાઉન્સ સિન્ડ્રોમ,ઓટીઝમ, સેરેબ્રલ પાલ્સી જેવી તકલીફ ધરાવતા લોકો માટેના ક્રિએટીવ સેન્ટર અદ્વિતિયમાં પણ લાગુ પડે છે જેઓને વોકેશનલ ટ્રેનીંગ ત્યાં વોકેશનલ ટ્રેનીંગ અને દુનિયામાં કમ્પેશન, ઉદારતા અને ઈન્ક્લુઝન આપવામાં આવે છે. આ પ્રવૃતિઓ મોટર મૂવમેન્ટ, આંખ અને હેન્ડ કોઓર્ડિનેશન માટે અને સમગ્રપણે સ્થિર માનસિક સ્થિતિ માટે મદદ કરે છે.

ગાયિકા પ્રજાકતા શુકરે અને એક્ટ્રેસ રાગિણી ખન્નાએ સાથે મેળીને આ વખતની દિવાળીના પ્રસંદે અદ્વિતિયના ખાસ વિદ્યાર્થીઓના ચહેરા પર હાસ્ય અને આનંદ ફેલાવવા માટે કોશિશ કરી છે. દરેકની અનોખી પર્સનાલિટી અને સ્ટાઈલ સાથે પ્રજાકતા અને રાગિણી અદ્વિતિયના વિદ્યાર્થીઓ સાથે જોડાઈ હતી અને તેમના જીવનમાં ગીતો, ડાન્સ અને રોશની લાવવાનો પ્રયાસ કર્યો હતો. આ વિદ્યાર્થીઓ અલગ રીતે વિચારતા અને અનુભવતા હોવા છતાં તેઓની આ અલગ વિશિષ્ટતા તેમના સ્મિત પાછળ છૂપાઈ જાય છે અને આ ઉત્સવની મોસમમાં આનંદનો ફેલાવો થાય છે. એ સ્વીકારવું મુશ્કેલ છે પણ દુનિયાને કહીએ કે તમે એકસર્જન છો જેને આનંદ ફેલાવવા અને વિશિષ્ટ અનુભવવા માટે કરાયું છે. હેપી દિવાળી!

## ટાટા મોટર્સે તેના નવા કોમર્શિયલ વ્હીકલ ડિલર તરીકે અમદાવામાં ગેલોપ્સ ઓટો લિંક પ્રા. લિ.ને નિમણુંક કરી



અમદાવાદ

ટાટા મોટર્સ આજે અમદાવાદ ખાતે રજૂ કરે છે, તેના સાંગઠિત રીતે કોમર્શિયલ વ્હિકલ ડિલરશીપ સુવિધાની, તેના નવા નિમાયેલા ડિલર ગેલોપ્સ ઓટોલિંક પ્રા. લિ. દ્વારા તેઓ ડિલરશીપ ક્ષેત્રે નવી સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ડિલરશીપની સુવિધા ૩૦૦૨૮ ચો. ફૂટની જમીનમાં વિકસાવવામાં આવ્યું છે, જે ટાટા મોટર્સની કોમર્શિયલ વાહનોની સંપૂર્ણ રેન્જ માટે ગ્રાહકોને સંપૂર્ણ સેલ્સ, સુવિધા તથા સ્પેર્સ અનુભવ (વેચાણ, સેવા તથા અન્ય સુવિધાઓ)ને એક જ છત હેઠળ પૂરી પાડશે. સરખેજ- બાવળા રોડ પર સ્થિત આ ડિલરશીપ ખાતે, નવી થ્રીએસ સુવિધામાં સેલ્સ બાદની સેવાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેની ક્ષમતા રોજના ૩૬ વાહનોની સગવડ કરવાની છે. લાયકાત ધરાવતા અને અનુભવી સ્ટાફથી ટાટા મોટર્સ કોમર્શિયલ વ્હીકલની ખરીદી કરવી અને તેને મેળવવું એ સંપૂર્ણ અનુભવ એ અડચણ વગરનો અનુભવ બની રહેશે.

ગેલોપ્સ ઓટોલિંક પ્રા. લી.નું ઉદઘાટન એ ટાટા મોટર્સની વ્યુહરચનાનો ભાગ છે જેથી ગુજરાત રાજ્યની કોમર્શીયલ વાહનોની વાસ્તવિક માંગને પહોંચી શકાય. આ સુવિધાની શરૂઆતથી, ટાટા મોટર્સ ભારતમાં સૌથી ગાઠ વેચાણ અને સર્વિસ નેટવર્ક સાથે કોમર્શીયલ વાહનોના ઉત્પાદક તરીકે અગ્રણી બની રહેવામાં સરસાઈ જાડવશે છે.

## બચ્ચા ચોર તરીકે નામના પામેલા શાનનું ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ- સીઝન ૨ પર પુનરાગમન



ધ વોઈસની ભારતીય આવૃત્તિએ તેની અજોડ સંકલ્પનાઓ અને અપવાદાત્મક પ્રતિભા સાથે દરેકેદરેકને મંત્રમુગ્ધ કર્યા છે. જોકે પોતાની સંબંધિત ટીમોમાંથી શ્રેષ્ઠતમ પ્રતિભા લાવવા માટે તેમની પિચીસ સાથે મંચ પર આગ લગાવનારા કોચ હતા. આવો જ એક કટ્ટર કોચ એટલે હસમુખી અને સદાબહાર ગાયક શાન છે. તે ધ વોઈસનો ભારતનો અધ્યાય શરૂ થયો ત્યારે આરંભથી જ તેની સાથે સંકળાયેલો છે અને સ્પર્ધકોને પોતાની તરકીબોથી ખુશી આપવા માટે જાણીતો છે. . જોકે તેનું સુંદર સ્મિત, ભેટવાની પદ્ધતિ અને તેનું દિલ અથવા બંગલા ફૂડનો નિરંતર પુરવઠો કરવાનું વચનને લઈ શાનને ટીમમાં હંમેશાં શ્રેષ્ઠતમ બાળકો રહ્યા છે અને તેથી જ ભૂતકાળમાં તેણે ધ વોઈસ ઈન્ડિયા (સિનિયર્સ) ની બે સીઝન જીતી છે. બાળકો સાથે આ સીઝન પણ બિલકુલ અલગ નથી અને શાને ફરી એક વાર શ્રેષ્ઠતમ પ્રતિભાઓને આકર્ષવા માટે અમુક મંત્રમુગ્ધ કરનારા વિચારો સાથે બાંયો ચઢાવી છે. જોકે સેટ પરથી સૂત્રોએ સમર્થન આપ્યું હતુ કે શાન સુસજ્જ છે, પરંતુ વાતો એવી ચાલી રહી છે કે તેણે ફ્રુ અને અન્ય કોચમાં બચ્ચા ચોર તરીકે નામ પ્રાપ્ત કર્યું છે. હવે અન્ય કોચ પણ શાન જેવી તરકીબો કરી શકે છે કે કેમ અને અન્ય કોચના નાક હેઠળથી સ્પર્ધકોને તે ચોરી લઈ જઈ શકશે કે કેમ તે જોવું રહ્યું. ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ-૨ ટૂંક સમયમાં આવે છે, ફક્ત &TV પર.

## ઉત્કર્ષા નાઈક &TVના આગામી શો સિદ્ધિવિનાયકના કલાકારો સાથે જોડાશે



&TV નવો શો સિદ્ધિવિનાયક લોન્ચ કરવા માટે સુસજ્જ છે, જે પેશનેટ હેટ સ્ટોરી છે. વારતા બોલીવૂડની ઝાકઝમાળની પાર્શ્વભૂમાં સ્થાપિત છે, જે સિદ્ધિ અને વિનાયક એમ બે વ્યક્તિનો પ્રવાસ આલેખિત કરે છે, જેઓ બંને ધિક્કારથી એકત્ર આવ્યા છે, જે તેમને અલગ પાડે છે. મુખ્ય સ્ત્રી પાત્ર સિદ્ધિની ભૂમિકા અભિનેત્રી નેહા સકસેના ભજવી રહી છે, જે બેકગ્રાઉન્ડ ડાન્સર છે, જ્યારે વિનાયક ઉર્ફે વિનનું પાત્ર નીતિન ગોસ્વાની ભજવી રહ્યો છે. હવે વિનાયકની માતાનું પાત્ર ભજવવા માટે લોકપ્રિય ટેલિવિઝન અભિનેત્રી ઉત્કર્ષા નાઈકને લેવાઈ છે.ઉત્કર્ષા નાઈક મંજરી કુંદ્રાની ભૂમિકા ભજવશે, જે વિખ્યાત બોલીવૂડ નિર્માતા શંકર કુંદ્રા (મનીષ ખન્ના)ની પત્ની છે. ફાયરબ્રાન્ડ મરાઠા સ્ત્રી સિદ્ધિની માતા સવિતાની બાળપણની બહેનપણી છે. જોકે બદનસીબે સંજોગો એવા પલટાય છે કે તેનો પતિ બોલીવૂડમાં મોટું નામ કમાવાનું સપનું સાકાર કરવા માટે કટિબદ્ધ બને છે, જેને લીધે મંજરીએ જીવનમાં આગળ વધવું પડે છે, જેથી સવિતા અને તેનો પરિવાર મુસીબતમાં આવી જાય છે. મંજરીના જીવનમાં ઘણા બધા ઉતારચઢાવ આવે છે અને તેના પતિ શંકર સાથે તેને ખાટામીઠા સંબંધો ચાલે છે. થોડાં વર્ષ પૂર્વે શંકર સફળતાની ચરમસીમાએ હોય છે અને વિખ્યાત બોલીવૂડ નિર્માતની પત્ની તરીકે મંજરીનો સ્વભાવ બદલાયો છે અને હવે ભૂતકાળ કરતાં હવે તે તદ્દન અલગ જીવન જીવી રહી છે.

## હમ પાંચ ફિર સે શોના સેટ પર જિતેન લાલવાનીએ સૂરજ થાપરને સરપ્રાઈઝ આપ્યું



દુનિયા તેમને ટીવી ઉદ્યોગમાં રામ- લક્ષ્મણ તરીકે જાણે છે. જિતેન લાલવાની અને સૂરજ થાપરે હમસાથ આઠ હૈ શોમાં તેમની મોજીલી હરકતોથી દર્શકોનું ભરપૂર મનોરંજન કર્યું હતું. હવે ૧૬ વર્ષ વીતીગયાં પછી બિગ મેજિકના લોકપ્રિય શો હમ પાંચ ફિર સેના સેટ પર તેઓ એકત્ર જોવા મળ્યા.જિતેન લાલવાનીએ હમ પાંચ ફિર સેના સેટ પર સરપ્રાઈઝ વિઝિટ કરીને સૂરજ થાપરને સરપ્રાઈઝઆપવાનુ નક્કી કર્યું. આનંદિત સૂરજ થાપર આ વિશે કહે છે, જિતેન મારા ભાઈ જેવો છે. મારા ઉતારચઢાવમાં તે મારી પડખે રહ્યો છે. વીતેલા યુગનો શો હમ સાથ આઠ હૈ ૧૬ વર્ષ પૂર્વે પ્રસારિત થયો હતો ત્યારે અમે રામ અને લક્ષ્મણની ભૂમિકા ભજવી હતી. વાસ્તવમાં અસલ જીવનમાં પણ અમે ભાઈ જેવા છીએ. આથી જ તે હમ પાંચ ફિર સેના સેટ પર આવ્યો ત્યારે મારી ખુશીનો કોઈ પાર નહોતો.

વારુ, આવા સરપ્રાઈઝ પ્રાપ્ત થવાથી બહુ ખુશી થાય છે. તો આનંદ માથુર તરીકે સૂરજ થાપરનો અદભુત પરફોર્મન્સ જોવા માટે જોતા રહો હમ પાંચ ફિર સે, સોમવારથી શુક્રવાર, સાંજે ૭.૩૦ વાગ્યાથી, ફક્ત બિગ મેજિક પર.

## " મીડીયા " : ચાડીયો કે ચીડીયા !?

દિલને ઝટકો લાગે કે મન ચકરાવે ચડી જાય તેવા શીર્ષક સાથે જે કંઇ લખી રહ્યો છું તે માટે માત્ર વાંચકની નજર જ વાપરી છે તેની આગોતરી સ્પષ્ટતા !

સમગ્ર સમાજના ઉત્થાન માટે તમામ પ્રકારના મીડીયાનું ખૂબજ ઉત્તરદાયિત્વ છે જ. બંધારણ અને સંવિધાનના ઘડતર તેમજ અમલીકરણ યોગ્ય રાહે નાગરિકોને માહિતગાર કરવા પત્રકારત્વનું પાયાનું કામ છે.

વ્યક્તિગત રાગ-દ્વેષ કે અનુરાગને કોરાણે મુકી જે વ્યાજબી, જરુરી તથા રાષ્ટ્ર હિતમાં જણાય તે બાબતને લોકો સમક્ષ ઉજાગર કરવી, પુષ્ટી કરાવવી પત્રકારોનો ધર્મ માનવો.

પૂર્વગ્રહ-રહિત, નાત-જાત-વર્ણ-કોમથી દૂર રહી સમાજ-સેતૂ રચવા, પ્રગતિવાન સંસ્કૃતિને જોશ આપવા વાદ-વિવાદ વગરનો સંવાદ સાધવા જ્ીૈક્ઙ્ગ સીદ્બૈઙ્ગ મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

ફક્ત છેવાડાના માનવી જ નહી પરંતુ તમામ સ્તરના લોકોનું સ્વાભિમાન ને હિત સમાઈ રહે તે પ્રકારની જાણકારીનો સત્ય પ્રચાર + પ્રસાર કરવો તે મીડીયા હાઉસ સાથે જોડાયેલા ( મારા સહિત ) સૌ માટે પરમ ધરમ, નૈતિકતા અને રાષ્ટ્રીયતાનો અગત્યનો ગુણ હોવો જોઇએ.

ચોથી જાગીરની કાર્યવાહી અંતર્ગત સીદ્બૈઙ્ગ દ્વેજં ફ્રર્ક ફ્રજૂ્રંક્ષર-દ્ઘૈજ્ઞ ! ચાટુતા કે અંધ-વિરોધ કરી પ્રશાસન કે અન્ય સંસ્થાની ટીકા-ટિપ્પણ કરવાને બદલે વિશ્લેષણાત્મક સમીક્ષા દ્વારા પુનરોધ્ધાર કે એકતા, અમન-શાંતિ પ્રસારાવવા સંનિષ્ઠા દાખવવી એ વિવિધ માધ્યમોની અગ્રીમ ફરજ છે જ !

સ્વયંનું વજૂદની પ્રમાણિતતા સાબિત કરવા પ્રમાણિકતા અને કટિબદ્ધતા જરૂરી !

સંભવ છે અમુકને આવી વાતો ખૂંચે પણ ખરી !

**વિકેશશાહ**
**દાંતીવાડા**

## અંકિત રાજ અને ઝલક દેસાઈ લાડો ૨ માં અગત્યની ભૂમિકા ભજવે છે



કલર્સના સૌથી વધુ લોકપ્રિય સામાજિકરીતે સબંધિત શોઝમાંથી એક એવો ના આના ઇસ દેસ લાડો, પોતાના નવા પ્રકરણ લાડો ૨ વડે હૈયાં જીતવા સુસજ્જ છે. શો ટૂંક સમયમાં મેઘના મલિક દ્વારા ભજવવામાં આવેલ અમ્માજીના લોકપ્રિય પાત્ર સાથે પરત આવે છે. શો શોના ભાગ બનવા પસંદ કરવામાં આવેલ, અંકિત રાજ અને ઝલક દેસાઇ યુવાન કાસ્ટની ગૂંથણીને પણ મોકળા મને ઉષ્માપૂર્ણ આવકાર આપે છે અંકિત રાજ – ધનવાન બાપના બગડેલા દીકારા રણબીરની ભૂમિકા ભજવતાં જોવા મળશે. તે એવો કોઇક છે જે પોતાના પરિવાર અને ધનનો ઉપયોગ કરી કાંઇ પણ પામી શકે છે. તદ્દન લોફર અને રખડેલ, તે પરિવારનો એક એવો બાળક છે જેને કયારેય ગંભીરતાપૂર્વક લેવામાં આવેલ નથી.ઝલક દેસાઇ, શોમાં અંકિતની પિતરાઇ બહેન કોમલની ભૂમિકા ભજવતી દેખાશે. એક ૨૦ વર્ષની વયની યુવાન છોકરી જે ખૂબ જ હોશિયાર અને તેજસ્વી છે, તેણીને સંગીત અને ફિલ્મો પસંદ છે તેણીના જીવનમાં એક અનિચ્છનીય વળાંક ત્યારે આવે છે જયારે આટલી કુમળી વયે તેણીના લગ્ન એક ૫૦ વર્ષની વયના મંત્રી સાથે નકકી કરી દેવામાં આવે છે. બન્ને પાત્રો પાસે પ્રસ્તુત કરવા માટે ઘણું બધું છે અને દર્શકોને ચોકકસ જકડી રાખશે. લાડો ૨ના વધુ અપડેટસ માટે, કલર્સ જોતાં રહો!

## દિવાળીમાં લક્ષ્મીની તમારી રાશિ અનુસાર પૂજા કરવાથી ઘરમાં બરકત રહે છે અને પરિવારમાં સુખ શાતિ કાયમ રહે

દિવાળીનો તહેવાર એક એવો ઉલ્લાસભર્યો તહેવાર છે જેને દરેક ખૂબ જ ઉત્સાહથી ઉજવે છે. હિન્દુઓનુ સૌથી મોટો તહેવાર. આ તહેવાર નવા વર્ષ પર નવી આશાઓ અને નવા સપના લઈને આવે છે. દિવાળીમાં ધનની દેવી માતા લક્ષ્મીનુ વિશેષ મહત્વ હોય છે. મા લક્ષ્મીનુ પૂજન કરવાથી સદૈવ જીવનમા લક્ષ્મીની કૃપા બની રહે છે. ઘરમા બરકત રહે છે અને પરિવારમા સુખ શાતિ કાયમ રહે છે.

આમ તો આપણે દિવાળીમા આપણા કુળદેવતા સહિત દરેક ઈશ્વરની પૂજા કરીએ છીએ. પણ લક્ષ્મીની પૂજા વિશેષ રૂપે કરીએ છીએ. દિવાળી એટલે અમાસની રાત. આ રાતના ચાર પ્રહર હોય છે. પ્રથમ નિશા, બીજો દારૂણ, ત્રીજો કાળ અને ચોથો મહા પ્રહર કહેવાય છે. જ્યોતિષના કહેવા મુજબ મા લક્ષ્મીજીની પૂજા અને આરાધના મધ્યરાત્રિ પછી કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. લક્ષ્મી સદૈવ પ્રસન્ન રહે છે અને ઘરમા ધનની વર્ષા થાય છે.

મેષ અને વૃશ્ચિક રાશિ : આ બને રાશિના દેવ મગળ છે. મગળની દેવી માતા ભુવનેશ્વરીની પૂજા અર્ચના કરવાથી યોગ્ય ફળ મળે છે. લક્ષ્મીને લાલ ગુલાબ તેમજ બેસનના લાડુ અર્પણ કરો. સિદ્ધિ યત્રનુ રોજ પૂજન કરવાથી યોગ્ય ફળ મળે છે.

વૃષભ તથા તુલા રાશિ : આ બે રાશિના સ્વામી છે શુક્રદેવ. આ રાશિના જાતકોએ ઉત્તમ ફળ આપનારી મા માતગીની આરાધના કરવી ફળદાયક રહેશે. આ રાશિના જાતકોએ સવારે નિત્યકાર્યોથી પરવારીને માતા માતગીને બાજટ પર વિરાજમાન કરાવીને તેમની જળ, અત્તર અને મોગરાના ફૂલથી પૂજન કરવુ. આ રાશિના જાતકો માટે ભાગ્યવૃદ્ધિ યત્રની પૂજા કરવી લાભકારી છે. પ્રસાદના રૂપમા માતાને ચોખાનો લાડુ અર્પણ કરો.

મિથુન અને કન્યા રાશિ : મિથુન અને કન્યા રાશિના જાતકોએ મા ભૈરવીની પૂજા અર્ચના કરવી જોઈએ. આ માટે તેમણે દિવાળીના દિવસે શુભ સમયમા માતાની ફુલ, ગુલાબ અને સુગધ વડે વિધિસર પૂજા કરવી. માતાને કેવડો ચઢાવવાથી વિશેષ લાભ મળશે. પ્રસાદના રૂપમા માતાને ધાણી અને પતાશા ચઢાવો. આ રાશિના લોકો માટે સિદ્ધિ યત્રની પૂજા કરવી ફાયદાકારક છે.

કર્ક રાશિ અને સિહ રાશિ - કર્ક રાશિના સ્વામી ચંદ્ર છે. આ રાશિના લોકોએ દુર્ગાદેવીની આરાધના કરવી જોઈએ. માતા દુર્ગાને સફેદ ફુલ અને ખીર ચઢાવીને દુર્ગા પાઠ કરવા જોઈએ. બની શકે તો એક કન્યાને ભોજન કરાવીને તેને અભ્યાસની કોઈ સામગ્રી ભેટ રૂપે આપવાથી માતા તમારા જીવનના તમામ દોષ દૂર કરશે. સિંહ રાશિના જાતકોનો સ્વામી સૂર્ય છે. તેથી તેમણે દિવાળીના દિવસે લાલ વસ્ત્રો ધારણ કરીને માતા ભાગવતીની આરાધના કરવી. માતાની કમળ પુષ્પથી પૂજા કરવી.

ધન અને મીન રાશિ -આરાશિના જાતકો - આ રાશિના લોકોનો સ્વામી ગુરૂ છે. આ રાશિના જાતકોએ દિવાળીના દિવસે ચોખા, હળદર, કકુનો ઉપયોગ કરી, બગલામુખી માતાની આરાધના કરવી. બગલામુખીને સફેદ પુષ્પ અને કોઈપણ સફેદ પ્રસાદ અર્પણ કરો.

મકર અને કુભ રાશિ - આ રાશિના જાતકોનો સ્વામી શનિ છે, શનિ ગ્રહની શાતિ માટે મહાકાળીની પૂજા કરવી શુભ ફળદાયક હોય છે. મહાકાળીને ચમેલીના ફુલ અને કોઈ પણ મીઠાઈ અર્પિત કરીને તેમની પૂજા અર્ચના કરવી. **(એ.જી.એન.એસ.)**

## બિગ બોસના ઘરમાં બોમ્બ- ફટાકડા શિલ્પા મ્યુઝિકલ બોમ્બ, હિતેન ફુસ્કી બોમ્બ

દિવાળીના તહેવારની અસર બિગ બોસના ઘરમાં જોવા મળી રહી છે. એટલે જ ઘરમાં ફટાકડાની વ્યવસ્થા કરવીમાં આવી છે. આ વ્યવસ્થાની ઘોષણા મિસિસ બિગબોસે કરી. કલર્સના રિયાલીટી શો ''બિગ બોસ-૧૧''ના વિક-એન્ડ કા વાર એપિસોડમાં ''મિસિસ બિગ બોસ'' બનેલ ગૌરવ ગેરા સ્ટેજ પર આવ્યા અને એક એક્ટ દ્વારા સલમાનની સામે તેમણે બિગ બોસના ઘરમાં સામેલ ઘણી રીતના બોમ્બ-ફટાકડા વિશે જણાવ્યું.''ઘરમાં ઘણાં બોમ્બ-ફટાકડા છે. અર્શી ઘરની ચકરી છે, તો જ્યોતી ફૂલજડી છે. જ્યારે શિલ્પા મ્યુઝિકલ બોમ્બ છે અને હિતેન ફુસ્કી બોમ્બ છે.''

## આયુષ્માન ખુરાનાએ કૌન બનેગા કરોડપતિ ૯ પર તેમની કવિતાનું ગાયન કર્યું



સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનની સૌથી મોટી રમતનો રિયાલિટી શો કૌન બનેગા કરોડપતિ ૯ ના શુક્રવારનાં ખાસ એપિસોડમાં આયુષ્માન ખુરાના મન દેશી સંગઠનના સ્થાપક ચેતના ગાલા સિંહાના સહાયક તરીકે દેખાશે.એક ખાસ ક્ષણ દરમિયાન અને આયુષ્માન ખુરાનાએ પ્રશ્નોના જવાબ પહેલાં તેમણે એ.બી.ને વિનંતી કરી હતી કે જો તેઓ પોતાની કવિતા પાઠવે જે તેમણે લખી હતી જેનું પછી મુખોટા (માસ્ક) નામનું શીર્ષક રખાયું છે. અમિતાભ બચ્ચન તે સાંભળવા ખુબ ખુશ હતા અને આયુષ્માન ખુરાનાને આગળ વધવા કહ્યું.જો કે, અમિતાભ બચ્ચન અયુષ્માન ખુરાનાના અભિનય અને ગાયનના એક મોટા ચાહક છે તેમણે ટોપનાં ગીતોમાંથી એક "મેરી પ્યારી બિન્દુ" ફિલ્મનો "હારેયા મેં દિલ હારેયા" ગીત ગાયું હતું, તે રાહ જોઈ શકતા નથી, પરંતુ તેમને મધુર ગીત ગાવા માટે વિનંતી કરે છે. કૌન બનેગા કરોડપતિના એપિસોડ સોમવારથી શુક્રવાર સુધી રાત્રે ૯ વાગે જુઓ માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર!

